શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

વર્ષ-૯ • અંક-૧ • જાન્યુઆરી - ૨૦૧૭
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

શિરોધારા
વર્લ્ડ રેકોર્ડ, SGVP

શતાબ્દી વંદના મહોત્સવ, રાજકોટ

શિરોધારા વર્લ્ડ રેકોર્ડ
SGVP



SGVP દ્વારા આયુર્વેદ ક્ષેત્રે વિશ્વમાં સૌ પ્રથમવાર નોંધાયો ગીનીસબુક વર્લ્ડ રેકોર્ડ

શિરોધારા વર્લ્ડ રેકોર્ડને ગીનીસબુક ઉપરાંત ચાર ઇન્ટરનેશનલ તથા છ નેશનલ રેકોર્ડના સર્ટીફીકેટ પ્રાપ્ત થયા

ગુરુકુલ પરિવારના સ્નેહ મિલનમાં ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનો, SGVP

મુંબઇ ખાતે યોજાયેલ અમૃતપર્વ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી સાથે યજમાન પરિવાર તથા ભક્તજનો

દુબઇ નિવાસી પ્રકાશભાઇ દવેના યજમાન પદે

લક્ષ્મીનારાયણ આદિક દેવોનું યોજાયું રાજોપચાર પૂજન, વડતાલ

પ્રેમાનંદ મ્યુઝીક એકેડેમી દ્વારા સંગીત સંધ્યા, હૃદયકુટીર SGVP

પૂજ્ય પુરાણી સ્વામીની અધ્યક્ષતામાં યોજાયો
૨૧ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ, અમદાવાદ ગુરુકુલ

સંસ્કૃત વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા થયેલા
ઋષિકુમારોને આશીર્વાદ પાઠવતા પૂજ્ય સ્વામીજી

ધનુર્માસ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા યોજાયો ફલકૂટોત્સવ તથા દરિદ્રનારાયણને ધાબળા વિતરણ, SGVP

સવાનાહ ગુરુકુલ - અમેરિકા ખાતે મકરસંક્રાંતિના પર્વે ગૌપૂજનનો લાભ લેતો સંતો-ભક્તજનો

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૯, જાન્યુઆરી : ૨૦૧૭, અંક : ૧

પ્રકાશક	: પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	: પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	: શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	: હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર	: જી. વિઝન
મુદ્રક	: સૂર્યા ઓફસેટ

છુટક અંક	: રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

તપશે આ સૂરજ ને...

તપશે આ સૂરજ ને, બર્ફીલી ભોમકા
ઓગળશે થીજેલા નીર
જોબનીયા ઊભરાશે, સૂકાં શરીર પર
ઓઢીશું હરિયાળા ચીર.

સપનાનો સાયબો, સાયર સોયામણો
દૂર દૂર એના મુકામ
વસમી છે વાટુ ને, વિઘ્નો અપાર તોય
હૈયે છે મળવાની હામ.

અવકાશી સુંદરીયો, લેશે ઓવારણાં
ગાશે આ ઝરણાંઓ ગીત
રોતો આ માંડવો, માંડ માંડ મેલશું
મળવાને મનડાંનો મીત.

પ્રિતમના જોગવિણ, જંપ નહીં જીવને
અંગ અંગ તડપે અધીર
પાણીના પંડ તોય, પ્યાસુ બુઝાયના
કેવી આ પ્રીતીની પીર.

આવે કે આવે ના, યાત્રાનો અંત તોય
મસ્તીથી વહેશુ મગરૂર
લીધી આશીષ અમે, હિમવંત જોગીની
મળશે ઇ માધવ જરૂર.

- સ્વામી માધવપ્રિયદાસ
૩૦/૪/૨૦૧૬
(નવનીત સમર્પણમાંથી સાભાર)

પ્રેરણા સ્થળ : લેહ-લદાખના ચાંગલા પાસ પાસેના આકાશને આંબતા હિમધવલ પર્વતોની ગોદમાં રમતી પહાડી કન્યા જેવી નાનકડી નદીનો કિનારો.

અલખના આરાધકની યાત્રા પણ આવી જ હોય છે. સદ્‌ગુરુની કૃપાથી જ મંજીલે પહોંચાય છે.

શબ્દાર્થ :- રોતો માંડવો = ઉનાળાના આરંભે પીગળતા બર્ફિલા પર્વતો.

મધ્યકાલીન ચારણી સાહિત્યની ધરોહર
મહાકવિ લાડુદાન આશિયા...

- ઘનશ્યામભાઇ ગઢવી
મો. ૯૨૨૮૧ ૦૬૭૭૫

(વહાલા ભક્તજનો ! ભગવાન શ્રી સ્વામિનારાયણની સંત પરંપરાના મેરુ જેવા સંત સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીનું પ્રાગટય વસંત પંચમીના રોજ થયું હતું. સ્વામીની પ્રાગટય તીથી નજીકમાં હોવાથી સ્વામીને યાદ કરીને એમના જીવન વિશે અહીં થોડો પ્રકાશ પાડવામાં આવ્યો છે. પ્રસ્તુત લેખમાળા બ્રહ્માનંદજી ચારણી સાહિત્ય રિસર્ચ સેન્ટર, મુંજકા - રાજકોટના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ ગઢવી દ્વારા લખાઈ છે.)

વિક્રમ સંવત્ ૧૮૨૮ મહાસુદી પાંચમ (વસંત પંચમી) એટલે ઈ.સ. ૧૭૭૨ની ૮ ફેબ્રુઆરી. ૨૪૫ વર્ષોના કાળખંડ પહેલાં જન્મેલ અભિજાત ચારણ લાડુદાન શિરોહી પાસેના ખાણ ગામના દસોંદી ચારણ શંભુદાન અને લાલુબાનું લાડકું સંતાન.

લાડુદાન કે લાધુદાન ? ચારણ જ્ઞાતિમાં લાધુજી, લાધુદાન નામ સહજ છે પરંતુ લાડુદાન જૂજ છે. ખેર, એ સંશોધન માગે છે, પરંતુ આજ સુધી સંપ્રદાય અને લોકોત્તરે લાડુદાન નામ સ્વીકાર્યું છે.

પ્રકૃતિના ખોળે ઉછરેલા આ પ્રજ્ઞાવાન બાળકને સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના પરોક્ષ આશીર્વાદ પ્રાપ્ત થયેલા, એવી ઘટનાનો ઉલ્લેખ મળી આવે છે. સદ્‌ગુરુ અને મા સરસ્વતીના આશીર્વાદ હોય અને કાવ્યોપાસનાની કઠિન તપશ્ચર્યા હોય તે પ્રતિભાને કોણ રોકી શકે ?

ઐશ્વર્ય અને વૈભવમાં આળોટતી કવિતાને પૂર્વના પુણ્યે એક પારખી મળ્યા, કાવ્યાધારાના ધસમસતા પ્રવાહને, શિવજીએ જેમ જટામાં ગંગાજીને સમાવી લીધા એમ ગઢડાના દરબારમાં લાડુદાનજીની કવિતાને પોતની પાઘમાં સમાવી લઈને ગુલાબનાં તોરામાં ઝબોળી સંપ્રદાયમાં મઘમઘતી કરી દીધી સ્વામી શ્રી સહજાનંદજીએ.

ચારણી સાહિત્યની ડિંગળી ભાષા અને પિંગળના શાસ્ત્રબદ્ધ વ્યાકરણમાં લાડુદાનજીની કવિતા નંદાદેવીનું શિખર હતી. કચ્છભૂજની વિશ્વની એકમાત્ર કવિઓ નિપજાવતી વ્રજભાષા પાઠશાળામાં આ હીરાને પાસા પાડવામાં આવ્યા. ત્યાં માત્ર કવિતા જ નહોતી શીખવવામાં આવતી, પરંતુ જીવનના સર્વાંગી વિકાસને ઉઘાડ આપતી એ ઓજસ શાળા હતી.

અભ્યાસના પરિણામે એટલું તો લખી શકાય કે વ્રજભાષા પાઠશાળાનો અભ્યાસક્રમ પ્રાચીન વિક્રમશીલા, નાલંદા, તક્ષશીલા અને વલ્લભીના અભ્યાસક્રમની નજીક હતો.

આ રહ્યા વિષયો — યોગ શાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર, શૂકન શાસ્ત્ર, સામૂદ્રિક શાસ્ત્ર, કામ શાસ્ત્ર, માનસ શાસ્ત્ર, તર્ક શાસ્ત્ર, સંગીત, ખગોળ, શાલીહોત્ર, ભૂસ્તર, શિલ્પ-સ્થાપત્ય અને આરોગ્ય શાસ્ત્ર. આમ કુલ ૧૨ વર્ષના આ અભ્યાસક્રમ પછી પારંગત થયેલ કવિ સમાજની ધરોહર બની જતા.

આજના એન.આઈ.ડી. કે આઈ.આઈ.એમ. જેવી ઈન્સ્ટિટ્યુટના ટકોરબંધ વિદ્યાર્થીની બરાબરી કરી શકે તેવા પ્રજ્ઞાવાન વિદ્યાર્થીઓ આ પાઠશાળાની દેન હતા. માત્ર અર્થોપાર્જનલક્ષી નહીં, પરંતુ આ વિદ્યાર્થી ખુદને અને સમાજને આધ્યાત્મિક ઉંચાઈ આપી શકે એવા રાહબર બની જતા.

આજના ચારણી સાહિત્યનાં વારસામાં આમાનાં ઘણાં કવિઓની હસ્તપ્રતો સચવાયેલી છે.

લાડુદાનજી જ્યારે આ પાઠશાળામાંથી બહાર

આવ્યા, ત્યારે સમગ્ર ભારતમાં નવયુગનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં. સામાજિક ક્ષેત્રે, ભૌતિકક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે પરિવર્તનો લાવનાર યુગપુરુષોએ પોતાનો કર્મયોગ આરંભી દીધો હતો. મુઘલ, મરાઠા અને અંગ્રેજી શાસનના ટૂંકા ગાળાઓના આ પરિવર્તનની સામાજિક મૂલ્યો પર અસર વરતાણી હતી. આ સમયે શાસનથી નિરાશ થયેલ સમાજને એક સાચા અર્થમાં પોતાના ભેરુ અને હિતાર્થી બની રહે એવા યુગપુરુષની જરૂર હતી.

યદા યદા હિ ધર્મસ્ય..... ની પૂરક કડીરૂપે સહજાનંદ સ્વામીએ સમગ્ર કચ્છ-કાઠિયાવાડમાં અવતારકાર્ય આરંભી દીધું હતું. એ સમયે સ્વામી સહજાનંદજી મહારાજ અને લાડુદાન આ બન્ને પ્રતિભાઓનું ગઢડા મુકામે થયેલું મિલન સમાજને ઉપકારક બની ગયું.

ઐહિક સુખોની પરાકાષ્ઠાએ પહોંચેલા લાડુદાનજીનો પોષાક અને વૈભવ કેવો ? આ રહ્યું થોડું વર્ણન-

સ્નાન કરી અત્તર, સુગંધી તેલ વાળમાં લગાવી, સુશોભિત પોષાકમાં સજ્જ થયા. માથે સોનેરી મારવાડી બત્તી પાઘ, પાઘમાં ત્રણ કલગી, શીરપેચ અને મોતીનો તોરો ધારણ કર્યો, સોનેરી કીનખાબનો મોટો ઘેરવાળો ગુલાબી રંગનો પગનાં કાંડા સુધીનો લાંબો જામો પહેર્યો. લીલી અતલસનો પગના કાંડે કરચલીઓ પાડતો તસતસતો હીરની નાડીવાળો સાચો પાયજામો પહેર્યો, તેના ઉપર બુરાનપુરી સોનેરી કસુંબલ રેંટાની મારવાડી ઢબથી બાંધેલી ભેટ, ભેટમાં કચ્છી કારીગરીવાળો સોનાની મુઠવાળો મોટો કટાર, લીલા મખમલ ભરેલી કચ્છી કારીગરીની ઉત્તમ હમેલ, હમેલના કમર પટ્ટામાં સોનેરી મૂઠવાળી, મખમલના મ્યાનવાળી દેશળસાઈ કચ્છી તરવાર, કંઠમાં સોનાનો ટૂંપીઓ, મોહનામાળા અને નવગ્રહનો કંઠો, કાનમાં મારવાડી હીરાજડિત મૂરકીઉં, ઠોળીઆ, સાચી મોતીવાળી છેલકડી, બન્ને ભૂજાઓ ઉપર બાજુબંધો, સિંહમોરવાળા હેમના કડાઓ, પગમાં સોનાનો તોડો, બેડી, હાથમાં રત્નજડિત આશા લાકડી, વિશાળ ભાલમાં કંકુમ ચાંદલો, વિશાળ લાલ નેત્રો, નમણી નાસિકા, કાળી ભમર જેવી વાંકડી મૂંછો, ભરપૂર તેજસ્વી મુખારવિંદ, આજાનબાહુ, દેદીપ્યમાન, મહાકાય પડછંદા પાડતો બુલંદ અવાજ, અતિ ચંચળ આકૃતિ, દેવગુરુ બ્રહસ્પતિ સમાન રૂપાળા રાજ્યકવિ, ઈન્દ્ર રાજા જેવા ઉત્તમ રાજવંશી પોષાક ધારણ કરી પગમાં રાઠોડી મોજડી પહેરીને પાલખીમાં બીરાજ્યા. (સાભાર, કવિ માવદાનજી રત્નું)

આવું અપ્રતિમ સ્વરૂપ-વૈભવ ધરાવનાર વ્યક્તિત્વનો મહારાજ સાથે ભેટો થયા પછી, સાપ જેમ કાચળીને નિર્મોહી બનીને ઉતારી દે એમ અલંકારો ઉતારી દીધા ! પરિવર્તનની પરાકાષ્ઠા તો જુઓ ! મખમલ ઓઢનાર એક કંતાનની પોતડીમાં સમાય જાય. પુરું ન પડે તો મહારાજ શરીર દૂબળું કરવાનું કહે, મઢડાની મેરાણી આઈએ આપેલ સુતરની ધોતલી માટે મહારાજ પાસે કરગરે, મનાવીને મેળવે, મેળવીને ઓઢે નહીં પણ જીવન પર્યંત પ્રસાદી રૂપે પૂજામાં રાખે.

નિર્માન મોહા જીત સંગ દોષા...

ઉપદેશ માત્ર બીજાને નહીં, પરંતુ પોતાથી શરૂઆત કરે તે સંત. આવા રાજસી પોષાકમાં જૂનાગઢ નવાબે લાડુદાનને નિહાળેલ, એ જ ખોળીયું જ્યારે બ્રહ્માનંદ સ્વરૂપે નવાબને મળે છે, ત્યારે આ વિરક્ત સાધુને જોઈ રુક્ષ કાયા, ભગવા બરછટ ભેખ, મિલકતમાં માળા, શણગારમાં ચાંદલો જોઈ આ મુસ્લીમ નવાબ વંદી રહ્યો, સજળ આંખોએ આ સાદગીની પ્રતિમાને પ્રણામ કર્યા. જીવનનાં પરિવર્તનો નમી રહ્યાં.

આજથી અમો લાડુદાનની મા છીએ

પ્રતિભાશાળી પુત્ર લાડુદાનજી મહારાજના આશ્રિત બનીને, દીક્ષા ગ્રહણ કરી ત્યાગીજીવન જીવવા માગે છે. આ સમાચાર કવિરાજના પરિવારને મળે છે, ત્યારે માતા લાલુબાના સ્વપ્નના મહેલ ભાંગી પડે છે. જેમ દરેક માતા પુત્રને પરણાવી તેના સંતાનોને રમાડવા આતુર હોય છે, આવી જ એષણાઓ લાલુબાએ સેવી હતી. આ કોઈ સામાન્ય પુત્ર નહોતા. બેવડી તાઝીમનાં અધિકારી, શીઘ્રકવિ, મહામહોપાધ્યાયનું બિરૂદ ધારણ કરનાર ચારણોમાં પણ શ્રેષ્ઠ કવિ હતા.

તત્કાલીન દરેક રાજ્યો તેમને રાજ્યકવિ તરીકે અભિષેક કરવા આતુર હતા. દિક્ષાવિધિને આગલે દિવસે તો શ્રીમંત મહારાજ ગાયકવાડે લાડુદાનને રાજ્યકવિપદે સ્થાપવા રૂકો (દસ્તાવેજ સાચવવાનું ભુગળું) લઈને અસવાર ગઢડે મોકલેલ.

કીર્તિ અને કલદાર રળનાર આવા પુત્રરત્નને ત્યાગને માર્ગે જતો કઈ મા જોઈ શકે ? તમામ સમજાવટો, આગ્રહ, દુરાગ્રહ, રોકકળ નાકામયાબ રહ્યાં. ચાર ફેરા ફેરવી દેવા કન્યા પણ સાથે લાવેલા, પણ 'સાવધાન'ની આલબેલ સાંભળીને સમર્થ સ્વામી રામદાસજી માયરામાંથી ઊભા થઈ ગયેલા, તે જ રીતે આ મુક્ત માછલી જાળ તરફ ડોકાણી પણ નહીં.

ગઢડામાં રોકાયેલ આ મારવાડનું ચારણ દંપતિ નિરાશમાં ગરક થઈ ગયેલ. કંઈ સૂઝતું નહોતું. મહાભિનિષ્ક્રમણના ભરડા માત્ર તથાગતે જ થોડા અનુભવ્યા હતા ! સંબંધોના ઋણ અને તૂટતી મમતા, મોહ અને સંસારના તાંતણા અકથ્ય પીડાઓનો અહેસાસ કરાવતા હોય છે.

પરંતુ ભરી સભામાં તપતા હૈયા પર મહારાજના મમતાળુ વેણે આ ચારણ દંપતીને શાતા આપી. નાભિથી ઉઠેલો અવાજ, ઐહિક સંબંધોનું વજન એક તરફ અને બીજી તરફ ગણતરીના શબ્દો, 'આજથી લાડુદાનની મા હું છું.'

જગતના ઈતિહાસમાં ઘટેલી આ ઘટના દુર્લભ ઘટના હતી કે અવતાર પુરુષ એક મુમુક્ષુ જીવની 'મા' બને. એક આશ્વસ્ત ભાવ હતો કે આવનાર ભવિષ્યનું અભય.

મહારાજ !! આપને આશરે આવનાર સામાન્ય સત્સંગીથી માંડીને પાર્ષદ અને સાધુઓની મા બનીને આપ સેવતા રહ્યા છો. જીવને પાંખ ફૂટે, મુક્તિની અભીપ્સાનો મોલ ઉગે અને આતમપંખી ઉડતું થાય ત્યાં સુધી આપ માની હથેળી બનીને ઉભા રહો છો. ધન્ય ! બ્રહ્માનંદ સ્વામી, સમગ્ર સંપ્રદાયને તમારા દ્વારા એક ઈશ્વરરૂપી મા મળી.

આ ભાવ, સખાભાવ, એકબીજાનાં અંતર ઐક્યની ભાવનાના અનેક દૃષ્ટાંતો બ્રહ્માનંદ સ્વામીના જીવનમાંથી આપણે પામીએ છીએ.

પંચાળાના રાસમાં મહારાજ રમવાથી અટકતા નથી. મારા ઈષ્ટને શ્રમ પડશે, એની ગુલાબી પાનીમાં ફોલ્લા પડશે, મનાવે છે પણ માનતા નથી, તરકીબ કરીને ચોર આવ્યાનો દેકારો કર્યો, રાસ થંભી ગયો. મહારાજ પામી ગયા કે આ બ્રહ્માનંદ સ્વામીની યુક્તિ. એક બીજાની નજર મળી, હૈયે હેત ઉભરાયા, ભેટી પડ્યા. ગળગળા ગળે કહે, "મહારાજ ! આપના માટે ખોટું બોલવાથી નરક મળે તો હજાર વાર ખોટું બોલીશ.'

માની મમતા અને પુત્રની જીદના પડઘા હજુ પણ પંચાળામાં સંભળાય છે.

વસમી વિદાયના પ્રસંગે બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢ મોકલી દીધા. બન્ને દેશના આચાર્યોને ભલામણ કરી, મારા બ્રહ્માનંદને ખૂબ દૂધ પાજો, એને દૂધ વહાલું છે. ગઢડામાં આપેલ વેણનાં વચન અંત સુધી પાળનાર ભગવાન સ્વામિનારાયણ બ્રહ્માનંદ સ્વામીની જગતની શ્રેષ્ઠ માતા બની રહ્યા.

હજારો પદ રચાયા બ્રહ્માનંદજી દ્વારા. જેમ માળામાં મેર કેન્દ્રસ્થાને રહે એ જ ભાવ. સમગ્ર કાવ્યમાં મહારાજ જ મેર હોય. જીવનનું કેન્દ્ર, મુખ્યધારાની આસપાસ સદૈવ શ્વાસે-ઉચ્છવાસે સ્મરણનાં રાસ લેનાર આ અભિજાત ચારણે પોતાની આંગળીએ ઝાલી અનેકને પાર ઉતારી દીધા.

વૈષ્ણવી ભક્તિના આધારસ્તંભ કૃષ્ણ-સખાનો ભાવ સદૈવ ડોકાતો રહ્યો છે બ્રહ્માનંદ સ્વામીના ભાવ જગતમાં.

કલ્પનાના કિરણે વ્રજનાં રાસનું વર્ણન ચારણી ચરચરી છંદમાં નિરૂપ્યું,

ઘણ રવ ફરર ફરર ફરકત નટવર સુંદર શ્યામ રમે.

મૂળીથી તરણેતર સ્નાન કરવા પધારેલ બ્રહ્માનંદ સ્વામી અને પાર્ષદો મેદનીથી દૂર ઝારના ઝાડ નીચે ટીમણ કરવા બેઠા. થોડે દૂર ઢોલીના ઢોલનો અવાજ, કૃષ્ણભક્તિનો રાસ, સાથે જાડા પાણકોરાના થેપાડા અને

વસ્ત્રોના ફડફડાટનો ધ્વનિ... અને રચાયો આ રાસ,
ઘણ રવ- જાજો અવાજ
ફરર ફરર ફરગટ ફરકત - થતો વસ્ત્રોનો ફરફરાટ.
નટવર સુંદર શ્યામ રમે- આ માહોલમાં આજે પણ કૃષ્ણ પ્રભુ રાસ રમે છે.

કાળાતીત કાળના ૨૪૫ વર્ષો પછી પણ જનચેતનામાં કંડારાયેલ કવિ બ્રહ્માનંદ સ્વામી આજે પણ ધબકે છે રવ બનીને, ધ્વનિ બનીને, સત્સંગી બનીને, સખા બનીને.

ભગવાન રામના અસ્તિત્ત્વની સાથે હનુમાનજી કાયમ રહેશે, તેમ સંપ્રદાયનું આ સખાયુગલ કાયમ અવિચળ છે. ઉદાસ માને અવનવા નુસખા કરીને કાયમ આનંદમાં રાખનાર હે સદ્‌ગુરુ ! અપના જન્મ દિવસે પ્રણામ.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી - આધુનિક ગુજરાતી કવિતાની ગંગોત્રી

શ્રી બ્રહ્માનંદ સ્વામીની જીવન અખિલાઈને આપણે માત્ર સંપ્રદાયના બળકટ કવિ તરીકે જ મૂલવીએ છીએ એ કેટલું વ્યાજબી ?

મહાકવિ ન્હાનાલાલે પિતૃતર્પણ રૂપે રચેલ ગ્રન્થના મુખપૃષ્ઠ પર સ્વામી દેવાનંદજીનું ચિત્ર મૂકીને ગુરુ પરંપરાની પ્રણાલી જાળવી. આધુનિક ગુજરાતી કવિતાના જનક કવિશ્વર દલપતરામજી આ પંરપરાની ત્રીજી કડી છે. દેવાનંદ સ્વામીના કાવ્યગુરુ હોવાના નાતે બ્રહ્માનંદ સ્વામીની કાવ્ય વ્હેણની નિર્મળ ધારા આધુનિક ગુજરાતી કવિતાની ગંગોત્રી બની રહે છે, તેમ કહેવું યોગ્ય બની રહેશે.

વ્રજભાષા પાઠશાળાના આ કીર્તિવંત કવિની કવિતા માત્ર ઝાક-ઝમાળ કે અદ્‌ભૂત રસના માત્ર વર્ણનો ન બની રહેતા. પ્રવર્તમાન સમાજના અનિષ્ટો, આડંબરો અને અસમતુલાની આલબેલ પોકારતી મશાલ બની રહી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સુષુપ્ત સમાજને જગાડી, માનવ મૂલ્યોનું પુનઃ પ્રતિષ્ઠાપન કર્યું, તે મૂલ્યોની છડી પોકારતી, સ્થાપિત અનિષ્ટોની સામે નવયુગના મંડાણ માંડતી ચારણી ધારાની ગરિમા કંડારતી, વેષધારીઓને સોળ પાડતી ચાબુક બની સ્વામીની કવિતાઓ.

જે કામ ઉપદેશો કે લાંબા પ્રવચનો ન કરી શક્યા તે કાવ્યતત્વએ કરી બતાવ્યું. દીક્ષા પૂર્વે સમગ્ર કચ્છ, કાઠિયાવાડ, માળવા, રાજસ્થાન સુધી તેમની કીર્તિધજા ફરકી ચૂકી હતી. રાજ્ય સ્થાનો, અભ્યાસીઓ અને જીજ્ઞાસુઓનો એક વર્ગ લાડુદાનજીની કવિતાવૈભવથી પરિચિત હતો. દીક્ષા પછી આ મેધાવી પ્રતિભાને સમાજે એટલા જ સન્માનથી સ્વીકારી.

તત્કાલીન સમાજે વેષધારી સાધુઓનું જે કઢંગુ રૂપ જોયું તે શ્રીરંગદાસ (બ્રહ્માનંદ સ્વામીનું ઉપનામ)ની કવિતામાં ઝીલાયું. ભ્રષ્ટ વેષધારીઓએ મનઘડંત ધર્મના સ્વરૂપો સમાજને આપ્યા. વ્યસનો અને વાસનામાં ગળાડૂબ આ સ્થાપિતો હિંસામાં પાછા પડે તેમ નહોતા. તેની સામે પડવું અને તે પણ એક નવનિર્મિત સંપ્રદાયના નિઃશસ્ત્ર સાધુએ, એ નાની સૂની વાત નહોતી. જુઓ આ શબ્દચિત્ર –

ઝીની માલા કંઠકે અજબ ઉતાર કે,
દર્પણ મેં મુખ દેખ કે તિલક સમાર કે,
કાજુ કોર કપોલ કે ચુંટત ચીપીએ,
હરહાં શ્રીરંગ વૈશ્યા જયુ મન વિકળ હરન પરધન ત્રિયે...૧
બાહલ માલા તિલક કતરણી અંતરે,
પરધન પરિત્રિય કાજ જગતમેં વિચરે,
મનમેં રહિયે માન ખાન પુરી ખાંડકા,
હરહાં શ્રીરંગ ગાવે સુંદર ગાન ધ્યાન ઉર રાંડકા... ૨
ભકતમાનલ ભન લોટ રૂ આવે ગાવના,
શીષ્યા ગુરુકે પાસ કે લોક રિઝાવના,
જગ ચેતાવન કાજ કે પુસ્તક લે ફીરે,
હરહાં શ્રીરંગ રાંડી-છાંડી દેખ તહાં જઇ ઉતરે... 3

આ કટાક્ષ કાવ્ય તો ખૂબ લાંબુ છે, પરંતુ સમગ્ર કાવ્યમાં તત્કાલીન દંભીઓનાં લુગડાં ઉતારી લીધાં છે. પ્રજાને કોઈ વિકલ્પ કે અવલંબન જ નહોતું. એટલે આ પ્રકારનો વર્ગ શોષણનો પર્યાય બની ગયો હતો. પશુહિંસાથી ખળભળી ઉઠેલા કુમાર સિદ્ધાર્થની વ્યથા શ્રીજી મહારાજે પણ અનુભવી હતી. આ હિંસાચારની સામે બ્રહ્માનંદ સ્વામીની કવિતા તાતી તલવાર બની હતી.

નામ ધરાવે શાહ કર્મ કરે ચોરકે,
કાટત ગલા કરૂર મૃગી ઓર મોરકે
ભુંડા કૃત ભરપુર લજાવે ભેખ કે,
હરહાં શ્રીરંગ-હમ ફરજન તેહકિક ફલાને ફલાને શેખકે...૧

કહો કબ કહ્યો ખુદાય કે રખિયો રડિયાં,
ખાના ખુબ પરાય મૃગી કે અંડીયાં,
કરતે જીવ હલાલ ન મનમેં ડરત હો,
હરહાં શ્રીરંગ ઘર સાહેબ કા ભેખ ગુના કયું કરત હો ?...૨

આરોપીનાં પાંજરામાં ઉભી રાખી દેતી આ કવિતાઓને જાહેરમાં મૂકવી, બોલવી અને વ્યાપક બનાવવી એ મોતને નોતરું દેવા બરાબર હતી. પરંતુ પૂર્વાશ્રમનું ખોળિયું અને અંતરમનમાં સૂતેલો ચારણ અને શ્રીજીની કૃપાએ સ્વામીને નિર્ભય બનાવ્યા હતા.

ઋષિમુનિઓએ કંડારેલી કેડી અને વેદકાલીન વારસાને સાચવતા અણીશુદ્ધ સાધુ કેવા હોય તે ચિત્ર પણ સ્વામીના માનસ પર અંકિત હતું.

તન વિષયા સુખ તજન ભજન ભરપુર હૈ,
સુબધા સાંઇયા સાથ કે દૂબધા દૂર હૈ,
કનક કામિની ત્યાગ લાગ મન બસ્ત હૈ,
હરહાં શ્રીરંગ સચ્ચા એ અવધૂત સદા અલમસ્ત હૈ...૧
નહિ કાહુ સે પ્રીત વૈર નહિ કાહું સે,
રહખ શોક નવ હોત સો સહજ સ્વભાવ સે,
અવિચલ શાંત એકાંત ઇન્દ્રીન કે સાથ સે,
હરહાં શ્રીરંગ સો જન કહિયે મગ્ન લગ્ન નિજ નાથ સે...૨
સંપત વિપત સમાન જીનુકે હૈ સદા,
મંગલરૂપ અનુપ આનંદીત હૈ મુદા
જ્ઞાન દતા ગંભીર વિકરતા વામસે,
હરહાં શ્રીરંગ સોઉ નમતા સંત રતા એક રામ સે...૩

સાધુતાની સમગ્ર અખિલાઈ આ કાવ્યમાં નિતરે છે. નરસિંહના વૈષ્ણવજનથી પણ એક ડગલું આગળ, ગંગાસતી, ગીતાકારે સમાજને આપેલ સ્થિતપ્રજ્ઞતા અને પરિસ્થિતિ સ્વીકારવાનો ભાવ કે,

જને રે જોતા મારા નયન ઠરે...

આ સાધુપણાની પ્રતિમા અને પ્રતિભા બ્રહ્માનંદ સ્વામીની કલ્પનામાં વિરમે છે.

સાધુતાનું આ શુદ્ધ સ્વરૂપ જાણ્યે-અજાણ્યે અગણિત પાર્ષદો અને સાધુઓની ચેતનામાં આકાર પામતું રહ્યું. અજ્ઞાત મનમાં રહેલા ચૈતન્યનાં પારદર્શક ભાવને શબ્દમાં ઉતારવા સહેલા નથી. સ્વામી લખે છે,

વિરક્ત બુદ્ધિ વિશાળ જગત મેં વિચરે,
વેર સબ વિષય વિકાર કબુનાં ચિત્ત ધરે,
જ્યું કમલ જલ મધ્ય અપરસી નીર કો,
હરહાં શ્રીરંગ અહોનિશ મસ્ત જાન સુફલ ફકીર હો...૧

આધ્યાત્મિક જગતનાં આ મહાયાત્રીની શબ્દ સાધના અપ્રતિમ હતી. પૂર્વાશ્રમના ઐહિક સુખોની આછેરી અણસાર પણ દિક્ષા પછી દેખાણી નહીં.

જૂનાગઢ મંદિર નિર્માણ સમયે ઊભી થયેલી અડચણો નિવારવા ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પૂર્વાશ્રમની નવાબ સાથેની ઓળખાણ તાજી કરવાનું કહ્યું ત્યારે વિનમ્રતાથી સ્વામીએ કહ્યું, 'મહારાજે જે સાધુઓને વર્તમાન ધરાવેલ તેમાં કહેલ કે પૂર્વના સંબંધો સાધુઓએ વ્યવહારમાં લાવવા નહીં. તો મહારાજની આજ્ઞા કેમ ઉથાપું ?' પ્રગલ્ભ અને બળકટ વ્યક્તિત્ત્વના ધની બ્રહ્માનંદ સ્વામીની ઈષ્ટ પ્રત્યેની ભાવના અને વચનબદ્ધતાને પ્રણામ.

બ્રહ્માનંદ સ્વામીના સાહિત્ય વારસાને બે ભાગમાં વહેંચીએ તો સત્સંગનો કાવ્ય વારસો આજની ગુજરાતી કવિતાની ગંગોત્રી બની રહે છે. પરંપરાગત ગઝલ તેમજ ઉર્દૂ અને ફારસી શબ્દોનો છૂટથી કરેલો પ્રયોગ ગુજરાતી ભાષાના આધુનિક પ્રવાહના જનક બની રહે છે.

બ્રહ્માનંદ સ્વામીની રચનાના કેટલાંક અદભૂત સવૈયાઓ પ્રેરણા અને ઉપદેશથી ભરપૂર છે-

સાહ ભયો ઉમરાહ ભયો, પતસાહ ભયો જગશિષ નયો હૈ,
રાગી ભયો બડભાગી ભયો, વિતરાગી ભયો વન જાય રહ્યો હૈ;
માની ભયો નિરમાની ભયો, પરમાની ભયો જસવાસ લયો હૈ,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો આશ્રય, જો ન ભયો તો કછુ ન ભયો હૈ. ૧
નારી મિલી કૂલવારી મિલી, જૂ અટારી મિલી મહીં કાચ ઢલ્યો હૈ,
પુત મિલે ઘર સુત મિલે, બહુ દૂત મિલે નિજ બેન પલ્યો હૈ;
ખાન મિલે અરુ પાન મિલે, સનમાન મિલે કહું ભાગ્ય ખૂલ્યો હૈ,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો આશ્રય, જો ન મિલ્યો તો કછુ ન મિલ્યો હૈ. ૨
ત્યાગી બન્યો અનુરાગી બન્યો, બડભાગી બન્યો અરિસેન હન્યો હૈ,
સૂર બન્યો મગરુર બન્યો, ધનપૂર બન્યો ચકચૂર સુન્યો હૈ;
તાલી બન્યો અરુ ખ્યાલી બન્યો, સુખપાલી બન્યો બડભાલી ગન્યો હૈ,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કો સેવક, જો ન બન્યો તો કછુ ન બન્યો હૈ. ૩
ગીત પઢ્યો જગ રીત પઢ્યો, નૃપ નીત પઢ્યો તન રંગ ચઢ્યો હૈ,
ભાસ પઢ્યો અનુપ્રાસ પઢ્યો, રસ રાસરુ ન્યાય પ્રકાશ દેઢ્યો હૈ;
કેદ પઢ્યો બહુ ભેદ પઢ્યો, સબ વેદ પઢ્યો પઢી માન બઢ્યો હૈ,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કે નામ કું, જો ન પઢ્યો તો કછુ ન પઢ્યો હૈ. ૪
દેશ ગયો પરદેશ ગયો, ઘર ભેષ ગયો ચહુ ધામ રહ્યો હૈ,
કાશી ગયો અરુ નાસી ગયો, તન ઘાસી ગયો અતિ પંથ ભયો હૈ;
શોક ગયો સુર લોક ગયો, વિધિ લોક ગયો મન રોક ઠયો હૈ,
બ્રહ્મમુનિ ઘનશ્યામ કે આશ્રય, જો ન ગયો તો કહું ન ગયો હૈ. ૫

વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી

- સાધુ યજ્ઞવલ્લભદાસ

(વહાલા ભક્તજનો ! ગુણાતીત ગુરુકુલ પરંપરા ભારે ભાગ્યશાળી રહી છે. ગુરુકુલમાં પધારતા હરકોઇ મુમુક્ષુને પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય જોગી સ્વામી તથા અન્ય સંતોની પ્રેમભરી હુફ પ્રાપ્ત થઇ છે. એમાં પણ પૂજ્ય પુરાણી સ્વામીની માતૃવાત્સલ્યતા હરકોઇના હૃદયમાં કોતરાઇ ગઇ છે. આવા મહાન સંતનું જન્મશતાબ્દી વર્ષ ઉજવાઇ રહ્યું છે ત્યારે એમના કેટલાંક ગુણોનું અહીં સંસ્મરણ કરી ધન્યતા અનુભવીએ.)



ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને અનેક કલ્યાણકારી ગુણભંડાર સમા સંતો અને મહાપુરુષોને અક્ષરધામમાંથી આ પૃથ્વી ઉપર મોકલ્યા છે. શ્રીહરિએ આ વસુંધરાને અનેક કલ્યાણકારી ગુણનિધિ સંતોની ભેટ ધરી છે, તેમાંના એક હતા વાત્સલ્યમૂર્તિ સંત પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી.

ગુણાતીત પરંપરામાં પૂજ્યપાદ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના જમણા હાથ સમા પરમ પૂજ્ય પુરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી આવા જ એક અક્ષરમુક્ત હતા.

ભગવાન શ્રીહરિની જપમાળાના મણકા સમાન આ સંત અધ્યાત્મની અથાગ ઊંડાઇ અને સદાચરણની મેરુ સમી ઉંચાઇ ધરાવતા હોવા છતાં એમની સાદગી, સહજતા, કરુણા વગેરેમાંથી પ્રેમભક્તિ સભર સ્નેહની સોડમ સૌને અનુભવાતી.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગુરુતુલ્ય સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી 'સત્સંગની મા' નું બિરુદ ધરાવતા અને ત્યારપછી આપણા સંપ્રદાયમાં અને ખાસ કરીને ગુરુકુલ પરિવારના સર્વ સંતો, હરિભક્તો અને વિદ્યાર્થીઓના હૃદયમાં માયાળુ માતાનું સ્થાન ધરાવીને સૌના પ્યારા બની ગયેલા પૂજ્ય પુરાણી સ્વામી.

પુરાણી સ્વામી એટલે કથાવાર્તાની વહેતી અખંડ સરિતા, વ્યસનમુક્તિ મહાયજ્ઞના ઉદ્‌ગાતા, સદાચારમય જીવન જીવવાની પ્રેરણા આપનારા પ્રબોધક, શરીર-મનના આરોગ્ય સંબંધી સેવાઓના અચ્છા જાણકાર વૈદ્ય અને ત્રણેય અવસ્થામાં ઇષ્ટદેવ શ્રીહરિના ચરિત્રોમાં રસબસ રહેનારા સંત.

'સંતોના સ્વભાવ છે એવો, જનેતાની ગોદના જેવો' આ પંક્તિને સાર્થક કરતું જીવન જીવીને પૂજ્ય પુરાણી સ્વામીએ સમાજને વ્યસન મુક્ત કરવા, વિકાર મુક્ત કરવા અને શ્રીહરિના સ્વરૂપમાં જોડી દિવ્ય સુખના ભોકતા બનાવવા જીવનભર કાર્ય કર્યું.

ઇષ્ટદેવની આજ્ઞાનું અનુપાલન અને વડીલ સંતોની અનુવૃત્તિમાં રહેવાની દાસભાવના અનેરી હતી. જ્યારથી પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજશ્રી ધર્મજીવનદાસજી સ્વામીની સંગાથે સત્સંગની અને સમાજની સેવામાં જોડાયા ત્યારથી તેઓએ ક્યારેય પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન નથી કર્યું. આજીવન પૂજ્ય શાસ્ત્રીજી મહારાજનું નિઃશંકપણે વફાદારી પૂર્વકનું અનુપાલન કર્યું છે.

અજાતશત્રુ, અકિંચન એવા પૂજ્ય પુરાણી સ્વામી સમયના અગ્નિતાપથી વિશુદ્ધ કુંદન સિદ્ધ થયા છે. જેમ જેમ એમનાં જીવનને સકારાત્મક તુલનાત્મક દૃષ્ટિથી વિચારીએ છીએ તેમ તેમ તેઓની ત્રિગુણાતીત મહાનતાના દર્શન થાય છે.

પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના યોગમાં

પુરાણી સ્વામીના ગુરુ કોઠારી સ્વામી કેશવપ્રિયદાસજી અને શાસ્ત્રીજી મહારાજ શ્રી

ધર્મજીવનદાસજી સ્વામી ગુરુભાઈ થાય. એ નાતે પુરાણી સ્વામીને ગુરુદેવ સાથે વિશેષ જોગમાં આવવાનું થયું. શાસ્ત્રીજી મહારાજની સત્સંગ પ્રવર્તનની ધગશ અને આયોજન શક્તિથી પ્રભાવિત થઈ પુરાણી સ્વામી એમનાં સહયોગમાં મંદિરોની સેવામાં જોડાયા. અનુવૃત્તિશીલ સ્વભાવના કારણે પુરાણી સ્વામી જેમની છત્રછાયામાં સેવામાં જોડાય એમની અનુવૃત્તિનું ક્યારેય ઉલ્લંઘન ન કરે. વડીલ સંતની રુચિનો પૂરો ખ્યાલ રાખે. શાસ્ત્રીજી મહારાજ વિવિધ મંદિરોના મહંત પદે રહ્યા, ત્યારે પણ પુરાણી સ્વામીએ સહયોગમાં રહીને મંદિરોની સેવા કરી.

પુરાણી સ્વામીની સેવાનિષ્ઠા, આજ્ઞાનું અનુપાલન, નિઃસ્વાર્થભાવ, અકિંચનપણુ અને સંતત્વના ઉમદા ગુણો જોઈને શાસ્ત્રીજી મહારાજ પણ તેમનાં ઉપર અત્યંત રાજી રહેતા અને પૂર્ણ વિશ્વાસ રાખી મંદિરના સેવા કાર્યો સોંપતાં

ગામડાના નૂતન મંદિરોના નિર્માણ હોય, પ્રતિષ્ઠા ઉત્સવો હોય, કથા-પારાયણો હોય કે સત્સંગ પ્રવર્તનનાં અન્ય કોઈ આયોજનો હોય, પુરાણી સ્વામી શાસ્ત્રીજી મહારાજની રુચિ અનુસાર સહયોગમાં રહેતા. શાસ્ત્રીજી મહારાજ જુનાગઢ રાધારમણ દેવના મહંતપદે હતા ત્યારે ભવ્ય ૨૧ દિવસના મહાવિષ્ણુયાગનું આયોજન કરેલું. સત્સંગના આ અભૂતપૂર્વ મહોત્સવ પ્રસંગે પણ પુરાણી સ્વામીએ રાત્રિ-દિવસ ખડેપગે રહીને સેવા બજાવી, શાસ્ત્રીજી મહારાજનો ખૂબ જ રાજીપો પ્રાપ્ત કરેલો.

પુરાણી સ્વામી ઈષ્ટદેવ પ્રત્યેની અનન્ય નિષ્ઠાના કારણે આયોજનની સફળતા વિષે નિઃસંદેહ રહેતા. 'આપણી શુભભાવનામાં મહારાજ જરુર ભેળા હોય જ' આવો પાકો નિશ્ચય હોવાથી તેઓ ક્યારેય હતાશ નથી થયા.

ગુરુકુલનો પ્રારંભ

શાસ્ત્રીજી મહારાજની જીવનરીતિ સત્સંગ ઉત્કર્ષની ઉત્તમ ભાવના અને ઉચ્ચ સંતગુણથી આકર્ષાઈને પુરાણી સ્વામી શાસ્ત્રીજી મહારાજના દરેક કાર્યોમાં ઓતપ્રોત થઈ જતા. રાજકોટ ગુરુકુલના પ્રારંભકાળે તો તે સ્થળ શહેરથી દૂર અને વેરાન વગડામાં ભાસતું. દેશી નળિયાના મકાનમાં સાત વિદ્યાર્થીઓથી શરુઆત થયેલી. કોઈ જ સગવડ નહિ, અનાજ દળવાની ઘંટી નહિ, છોકરાઓ ભણવા માટે ગામમાં દૂર નિશાળોમાં જતાં. સાથે અનાજ લેતા જાય, ગામમાંથી દળાવતા આવે. રસ્તા કાચા, ગોંડલ રોડ ઉપર ક્યારેક જ વાહન નીકળે. રાત્રિ તો અતિ ભેંકાર લાગે. સાપ નીકળે, તમરા બોલે, શિયાળવાં બોલે. મરેલા ઢોર આજુબાજુના ખાડામાં ફેંકાયેલા હોય, તેની દુર્ગંધ આવે. આવા સંજોગોમાં પુરાણી સ્વામી બાળકો સાથે રહે. છોકરાઓ ડરે, તો એને ભગવાનની વાતો કરી ડર દૂર કરે.

આવી વિષમ પરિસ્થિતિમાં શાસ્ત્રીજી મહારાજની રુચિ પ્રમાણે રહી પુરાણી સ્વામીએ બાળકોમાં, વાલીઓમાં વિશ્વસનીયતાનું બીજારોપણ કર્યું. પુરાણી સ્વામીનો નિર્મળ વાત્સલ્યભાવ, સત્સંગપ્રવર્તનની ઉમદા ભાવના અને સહનશીલતા વગેરે સદ્‌ગુણોના કારણે ગુરુકુલની એક વિશિષ્ટ સુવાસ સમાજમાં પ્રસરતી ચાલી. પૂરી સુવિધાનો અભાવ હોવા છતાં વર્ષ-પ્રતિવર્ષ વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થતો રહ્યો, સંસ્થાની સુવાસ પ્રસરતી રહી, વિકાસ થતો રહ્યો. સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાનું અનુસંધાન રાખી પુરાણી સ્વામીએ બાળ-કેળવણી અને મુમુક્ષુ-કેળવણીના દાર્શનિક સંતની ભૂમિકા સારધાર રીતે ભજવી છે.

વ્યસનમુક્તિ અને સદાચારના પ્રવર્તક

પુરાણી સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલા અને મોટા સંતોએ પોષેલા સદાચાર પ્રવર્તનની જોરદાર ઝૂંબેશ ચલાવતા રહેતા. કોઈ ગામમાં સભા કરવા જાય ત્યારે શેરિયુંમાં ઓટે બેઠેલા લોકોને કહેતા જાય, 'હાલો... રામજી મંદિરે હાલો...'

સ્વામી રામજી મંદિરે આસન પાથરી બેસે. ધૂન શરુ થાય. થોડા-ઘણાં લોકો આવ્યા હોય, તેની આગળ વ્યસનથી થતાં નુકસાનની અસરકારક રજૂઆત કરે. કેટલાક હાસ્યપ્રેરક દૃષ્ટાંતો સાથે વ્યસનથી થતાં રોગની વાત કરે. દારુ, અફીણ, તમાકુનાં હરેડ બંધાણીના ભૂંડા હાલ થાય છે, માંસાહાર મહાપાપ છે, ચોરી, વ્યભિચાર, જુગાર વગેરે નરકના દ્વાર છે, કોણ સુખિયા થયો છે આવા ફેલના રસ્તે જઈને ? વ્યસનો જીવનની બરબાદી નોતરે છે. તમે તમારા માટે નહિ તો તમારા સંતાનોના ભલા માટે વ્યસન છોડો. માવતર થઈને તમારા બાળકોનું ભલું નહિ ઇચ્છો ? વ્યસન રાખનારો કુટુંબની આવતી પેઢીનો દુશ્મન છે. તે ગરીબાઈ-રોગ વારસામાં આપે છે.''

"વ્યસનોની આદતથી એક ખિસ્સા ખાલી થાય, બીજું મોંઢા ગંધાય, ત્રીજું શરીર ક્ષીણ થાય, ચોથું વ્યવહારને લુણો લાગે, પાંચમું સંતાનોમાં કુસંસ્કાર પડે, છઠ્ઠું રોગોનું આગમન થાય, સાતમું સ્વભાવ તામસી થાય ને આધીરાઈ આવે, વાતવાતમાં ઉશ્કેરાટ અને આવેશ

આવી જાય, આઠમું સંયમ નિયમ શિથિલ થઈ જાય, નવમું સમાજમાં આબરુને બટ્ટો લાગે અને સહુ વ્યસની કહે એ નફામાં. આ છે વ્યસનોનું વળતર, જેમાં ક્લેશ અને કળતર સિવાય કાંઈ છે જ નહિ. પૈસા ખર્ચીને રોગ વેચાતા લેવામાં જરાય ડહાપણની વાત નથી. જન્મ્યા ત્યારે વ્યસન કાંઈ ભેળા નથી આવ્યા. આ તો દેખાદેખી કે સંગદોષથી આવ્યા છે. માટે હિંમત રાખી એક ઝાટકે છોડી દો. શું ન છૂટે!

આવી આવી વાતો કરી સ્વામી ગામડાંના લોકોમાં આત્મખમીર જગાડતા. એક હિતકારી સંતની કેવળ ભલાઈ અને નિઃસ્વાર્થ વાણી હૃદયને સ્પર્શી જતી અને જોમ-જુસ્સાથી વ્યસનીઓ માંડતા વ્યસન છોડવા. બીડી-સિગારેટનો કુચડો કરી દેતા. હોકા-હોકલી-ચલમોને પથ્થર પર પછાડીને કટકા કરી નાખતા. દૂર બેઠેલી બાઈઓ પણ બજરની ડબીલીઓના ઘા કરી દેતી. ત્યારે પુરાણી સ્વામી રાજી થઈને કહેતા, "ભક્તો! ભગવાનની કૃપા વરસે, સંતો રાજી થાય, પરિવાર સુખી થાય એવું તમે કાર્ય કર્યું છે. હવે બળિયા થઈને વ્યસનને નજીક આવતા દેતા નહિ. કોઈ સંગ દોષથી લલચાઈ જતાં નહિ. સાવધ ને શૂરવીર રહેજો."

સફળ ઘડવૈયા

પુરાણી સ્વામી સાદગીભર્યા જીવનમાં એક લાગણીનું મધુવન હતું. કંઈક ઉપયોગી થવાનો ઉચ્ચ આદર્શ હતો. પુરાણી સ્વામીની પ્રેમ-પરબનું પાણી પીને અનેક પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે ઘડાયા છે. આજે ઉચ્ચ હોદ્દો ધરાવતા, મોટા ઉદ્યોગપતિ થઈ ગયેલા, સમાજમાં અગ્રસ્થાન ધરાવતા, દેશમાં કે વિદેશમાં વસતાં હજારો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના અંતરમાંથી એક જ સૂર નીકળે, "પુરાણી સ્વામીની લાગણીથી અમે ગુરુકુલમાં રહ્યા અને પ્રેમભીની વાણીથી અમે ઘડાયા."

"જે વિદ્યાર્થીઓ આપણા આશરે કંઈક પામવા-મેળવવા આવ્યા છે, હવે જો એમાં કંઈક દુર્ગુણ રહે તો આપણે ઈશ્વરના ઘરના ગુન્હેગાર ગણાઈએ" આ જીવનસિદ્ધાંત હતો પુરાણી સ્વામીનો. એટલે તો કેવી રીતે દાતણ કરવું, હાથ ધોવા, સ્વચ્છતા રાખવી એ બધું શીખવે, સાથે સાથે આરોગ્યલક્ષી સૂચનો પણ ખૂબ જ કરે. સમૂહ જીવનમાં રાખવી જોઈતી સાવધાની વિષે ટકોર કરે અને પરસ્પરને સહાયભૂત થઈને સંસ્થાને પોતાની માનીને રહેવાની લાગણીભીની સલાહ આપે. આ વાતને સહુ પ્રેમથી સ્વીકારે એ પુરાણી સ્વામીના ઘડતરની સફળતા હતી.

સમૂહજીવનના કારણે કેટલાંક ચેપી રોગ થાય, તો તરત જ પુરાણી સ્વામી જાતે શરદી-ઉધરસના દેશી ઓસડિયા તૈયાર કરે અને એવા વિદ્યાર્થીને જાતે પાય. કોઈને માથું દુઃખતું હોય ને પુરાણી સ્વામી ખબર અંતર પૂછવા જાય, અચાનક કોઈને ઉલટી થાય તો ખોબામાં ઝીલી લીધાના પ્રસંગો પણ બન્યા છે. વિદ્યાર્થીઓને માંદગીમાં ખરી મા બનીને વાત્સલ્યભાવે એવી તો માવજત કરે કે દૂર બેઠેલી મા યાદ જ ન આવે.

પ્રસંગે પ્રસંગે નીતિમત્તા અને ચારિત્ર્યશીલ જીવનની વાત કરીને, દૃષ્ટાંતો આપીને પુરાણી સ્વામીએ વિદ્યાર્થીઓનું ઉચ્ચ જીવનનું ઘડતર કર્યું છે. વિદ્યાર્થીને સંસ્થામાં ગમતું ન હોય, બિસ્ત્રા-પોટલા બાંધીને ઘરે જવા તૈયાર થયો હોય, તેને એક બાજુ બોલાવી પ્રેમથી સમજાવે, હિતની વાતો કરે. એ સમયે વિદ્યાર્થીને થાય કે આ સ્વામી તો મારા ભલા માટે કહે છે- ને વિદ્યાર્થી રોકાઈ જાય.

કોઈની લાંચ ન લેવી, અણહકનું ન લેવું, આપીને રાજી થવું, લઈને નહિ, જીવનના આવા પાયાના સંસ્કારો પુરાણી સ્વામીએ વિદ્યાર્થીઓને સ્નેહથી પાયા છે. મોટા અધિકારી બનેલા કેટલાય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કહે છે, "પુરાણી સ્વામીએ વિદ્યાર્થીકાળમાં કરેલી ટકોર અમે યાદ રાખી છે અને જીવનમાં નિભાવી છે. આનાથી અમને બહુ મોટા લાભ થયા છે."

વાત્સલ્યનું અમીઝરણું

'હાડ હાડમાં હેત ભર્યું, જેને વેણ વેણ વરદાન'

મકરન્દ દવેની આ પંક્તિ જેને સંપૂર્ણ રીતે લાગુ પડે એવું કોઈ હોય તો એ મા છે, ને ગુરુકુલ માટે પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી છે. ગુરુકુલના વિદ્યાર્થીઓને મમતા અને વાત્સલ્યભાવથી ભગવાન આપ્યા, ભક્તિ આપી, ભણતર આપ્યું અને ગણતર આપ્યું. પુરાણી સ્વામીના વાત્સલ્યથી ભીંજાયેલા માતૃસંસ્થા-ગુરુકુલને ક'દિ વિસરી નથી શક્યા. કેટલાકે તો જીવન સમર્પિત કરી દીધાના દાખલા છે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીને વિદ્યાર્થીકાળમાં તાવ આવ્યો ત્યારે માથામાં પોતા મૂકતા હતા. એ સમયે માથાના નડતા વાળ કાપ્યા. એક સંતે લાગણીભીના હાથે માથાના વાળ કાપ્યા અને પ્રેમથી પોતા મૂક્યા. હકીકતે ચમત્કાર એ થયો કે આ વાત્સલ્ય પ્રસંગથી માથાના વાળ કાયમના માટે ઉતરી ગયા અને પ્રેમપાશથી બંધાઈ જીવન સમર્પિત થઈ ગયું.

મોટા ભાગના અગ્રણી સંતો પુરાણી સ્વામીના જીવન અને જોગથી સાધુ થયા છે. અનેક વિદ્યાર્થીઓ ગૃહસ્થાશ્રમમાં રહ્યા થકાં સાધુજીવન જીવતાં થયા છે.

"બાળકો ! તમે ભણી-ગણીને જીવનમાં આગળ વધવા આવ્યા છો. ભણતર ભેળા તમને અહીં ભગવાન મળે છે, માટે વૃથા સમય વેડફવો નહિ." એમ આગ્રહ કરી સ્વામી વિદ્યાર્થીઓને અભ્યાસમાં કાળજી રખાવે. એસ.એસ.સી. ની પરીક્ષાના દિવસો નજીક આવે એટલે પુરાણી સ્વામી વિદ્યાર્થીઓ માટે રાત્રે જાગે. દરેક રુમમાં આંટો મારે. ઝોલા ખાતા કે સૂઈ ગયેલા વિદ્યાર્થીને લાકડીનો છેડો અડાડી જગાડે, "માળા ગાંડીયા પરીક્ષા આવે છે ને વ્હેલો સૂઈ ગયો ?"

વિદ્યાર્થી જાગે ને વાંચે. ફરીથી મોડી રાતે આંટો મારે, વાંચતા વાંચતાં જેમ તેમ સૂઈ ગયા હોય તેને સરખું ઓઢાડે અને કેટલાક બહુ મોડે સુધી ઉજાગરા કરી વાંચતા હોય તેને ટકોર પણ કરે, "હવે સૂઈ જાઓ પાછા માંદા પડશો !"

ગુરુકુલનું એસ.એસ.સી નું રીઝલ્ટ સારું આવે. એનું કારણ પુરાણી સ્વામીની વિશેષ કાળજી અને હિમાલયની લાકડીનું હતું. લાકડી લઈને સ્વામી છાત્રાલયમાં આંટા મારતા 'જય બદરિવિશાલ, જય બદરીવિશાલ' એમ બોલતા.

'અમારા આશરે આવેલું બાળક જીવનમાં કંઈક બને' આવી ઉચ્ચ ભાવના રાખનાર સંતને વિદ્યાર્થી કેમ ભૂલી શકે ! એટલે તો ગમે તેટલી મોટી ઉંમરનો ગુરુકુલનો ભૂતપૂર્વ વિદ્યાર્થી માતૃવાત્સલ્ય વહાવતા પુરાણી સ્વામીને 'મા' તરીકે યાદ કરે ત્યારે આંખમાં ઝળઝળિયા આવી જાય. એટલે તો આપણે કહી શકીએ કે પુરાણી સ્વામી એટલે સાધુતાની જીવંતમૂર્તિ માનવતાનું મહાતીર્થ અને વાત્સલ્યનું અમીઝરણું.

વાણીનો વૈભવ

જાણે ભગવાનના મહિમાનું ગાન કરવા જ કોઈ મુક્તાત્માએ જન્મ ધર્યો હોય તેમ પુરાણી સ્વામીને શ્રીહરિની કથા-વાર્તા કરવાનું વ્યસન પડી ગયેલું. પુરાણી સ્વામીની વાણીનો પ્રભાવ ઝબરો હતો. જેના કાને સ્વામીના શબ્દો પડતા તે સાંભળતા જ રહેતા અને જાણે પૂતળુ બની જતા.

એક વખત સત્સંગ વિચરણ કરતાં પુરાણી સ્વામી સંતમંડળ સાથે રાજકોટ પાસેના લુણીવાવ ગામે પધારેલા. રાત્રિએ જાહેર સત્સંગ સભા થઈ. પુરાણી સ્વામીએ સભામાં જોમ અને જોશ સભર વાતો કરી. જનહિતની અને આત્મકલ્યાણની વાતો બધાંને સ્પર્શી ગઈ. ગામ લોકો પ્રભાવિત થઈ ગયા.

ગામમાં ક્યારેય આ અગાઉ સ્વામિનારાયણના ભગવાધારી સંત પધાર્યા નહોતા. ગામમાં કબીર આશ્રમ છે. આ આશ્રમના સાધુ શ્રી વલ્લભદાસજી સાહેબ પણ કથાવાર્તા સાંભળવા આવેલા. એ પણ ખૂબ જ પ્રભાવિત થયા અને પોતાના આશ્રમને પાવન કરવા માટે પુરાણી સ્વામીને આશ્રમમાં પધારવા માટે આમંત્રણ આપ્યું. બીજે દિવસે પુરાણી સ્વામી અને સંતો આશ્રમમાં પધાર્યા.

કબીરપંથમાં ગુરુમહિમા ખૂબ જ હોય છે, એટલે સદ્‌ગુરુના ચરણ ધોવાનો રિવાજ પરાપૂર્વથી ચાલ્યો આવે છે. પુરાણી સ્વામી કબીરાશ્રમે પધાર્યા ત્યારે મહંત વલ્લભદાસજીએ ત્રાંબાનો ત્રાસ અને ત્રાંબાનો જળ ભરેલો કળશ તૈયાર રાખેલા.

મહંતજીએ સ્વામીને ત્રાસમાં પગ મૂકવાનું કહ્યું. મહંતશ્રી પુરાણી સ્વામીના ચરણ ધોવા માગતા હતા, જ્યારે પુરાણી સ્વામી ચરણ ધોવા દેતા નહોતા. ખૂબ રકઝક ચાલી. આખરે મહંતશ્રીએ પરાણે પુરાણી સ્વામીના જમણા પગનો અંગુઠો જળમાં બોળાવ્યો અને પુરાણી સ્વામીના ચરણસ્પર્શ કરી ધન્યતા અનુભવી.

બીજો એક પ્રસંગ તો આશ્ચર્યપૂર્ણ છે. ઊના પાસેનું નાઘેર પંથકના અંબાડા-ઉગલા ગામમાં સ્વામી સત્સંગ વિચરણમાં ગયેલા. આ ગામમાં ઘણા લોકો કુકડા રાખે, હિંસા કરે, ઈંડા-માંસ ખાય, દારુ પીએ. કોઈ સદાચાર-

ધર્મનું પાલન નહિ, તો સદ્ધર્મની તો વાત જ ક્યાંથી હોય ? પણ નિર્મળ અને નિખાલસ અંતરના, હિતકારી સંત પુરાણી સ્વામીના પ્રેમભીના શબ્દોની આ લોકો ઉપર અસર થઈ. તેના જીવનમાં પહેલા-વહેલો આવો બોધ સાંભળવા મળ્યો. એમને લાગ્યું કે આપણે ખોટા માર્ગે છીએ. આ સંતને આપણી પાસે શો સ્વાર્થ છે ? આપણા ભાગ્ય ખૂલ્યા કે આવા પરોપકારી સંત આપણા ગામમાં આપણા ભલાની વાત કરવા સામેથી આવ્યા.

માંડ્યા વ્યસનો છોડવા, ઈંડા-માંસનો ત્યાગ કરી દીધો. અરે એટલું જ નહિ વર્તમાન ધરાવી કંઠીઓ બાંધી. નિત્ય નહાવા-ધોવાના નિયમ લીધાં, પૂજાપાઠ કરવા માંડ્યા. પશ્ચાતાપ સાથે પ્રાયશ્ચિત કરીને સાચા સત્સંગી બની સારા ભક્તો બની ગયા.

આજેય એ ગામોમાં સ્વામીના વાણીના વૈભવને કારણે સત્સંગ લીલી વાડીની જેમ લીલવરણો છે. એ ગામના જ એક ભક્ત છગનભાઈ કિડેચા વગેરે ભક્તો પુરાણી સ્વામીએ લોકોના જીવન પરિવર્તન કરી દીધા એ પ્રસંગ હોંશે હોંશે વર્ણવે છે.

સાદાઈ

પૂજ્ય પુરાણી સ્વામીની સુઘડતા પૂર્વકની સાદાઈ એમના સંતજીવનની શોભા હતી. આસનમાં સાદાઈ, પુસ્તકો રાખવાના ઘોડામાં સાદાઈ, એમનાં માથાનાં રુમાલમાં પણ સાદાઈ. એકવાર કોઈ સંતે કહ્યું, "સ્વામી આ રુમાલ (માથે બાંધવાની પાઘ) સાવ જુનો થઈ ગયો છે. ઠેકઠેકાણેથી ફાટી ગયો છે, તે નવો બાંધોને ?"

ત્યારે સ્વામી કહે, "ચાલીસ વર્ષ નીકળી ગયા આ રુમાલથી અને હવે કેટલાક કાઢવાના ? માથું ઢાંકે એટલે બસ."

એમની પાસે એક તેલના ડબામાંથી બનાવેલી આડી પેટી હતી. એમાં લખવાની પેન, પેન્સિલ, નોંધબૂક કે નાનું પુસ્તક હોય. સત્સંગ વિચરણમાં જવાનું થાય ત્યારે ઓફિસમાંથી નાનું એવું એક તાળું લેતા જાય, ત્યારે જ આ પેટીને તાળું લાગે. કંઈ ભેટ આવે તો કોઈ દ્વારા નોંધ કરાવીને કવરમાં નંખાવી પહોંચ અપાવે. વિચરણથી પાછા ગુરુકુલ આવે ત્યારે સીધા ઓફિસમાં જાય. પહોંચબુક, પૈસા, તાળું બધું જ જમાં કરાવી ખાલી પેટી સાથે લઈ જાય.

રુમમાં બીજા આટાટોપ નહિ, એકેય કબાટને તાળુ નહિ, કબાટમાં પણ પુસ્તકો અને થોડી જરુરી દવા એ સિવાય કાંઈ ન મળે.

પોતે સાદા એટલે પોતાના ઠાકોરજીને લાડ પણ સાદાઈથી લડાવે. કોઈ કિંમતી વસ્ત્રાભૂષણનો અભરખો જ ન હોય ત્યાં સુવર્ણ, હીરામોતીના આભૂષણોની વાત જ ક્યાંથી આવે ? સ્વામીના સાદગીપૂર્ણ સાધુજીવનની સુવાસ બાળકોમાં, બાળકોના વાલીઓમાં અને જોગમાં આવતા હરિભક્તોમાં આવતી. જેનાંથી ગુરુકુલની એક અનેરી આભા ઊભી થવા લાગી. સ્વામીના વેશ, વાણી અને વર્તન વડે સંસ્થા એક વિશ્વસનીય સંસ્કાર કેન્દ્ર અને જીવન ઘડતરની પાઠશાળા બની ગઈ.

સંતત્વ

પુરાણી સ્વામીનું સદાય નિર્મળ, નિષ્કામી અને નિષ્પૃહીજીવન સંતત્ત્વથી ભોરોભાર ભરેલું હતું અને અન્ય સંતો માટે પણ પ્રેરણાના સ્રોત સમું હતુ. આ સંતે મહારાજ વિના કાંઈ હૃદયમાં રાખ્યું ન હતું. પરંતુ એમના હૃદયમાં કાંઈક હતું, પણ એ એવું હતું જે હૃદયમાં રાખ્યા જેવું હતું.

એ સમયના સંતો-ભક્તોએ અનુભવ્યું છે કે, મુશ્કેલીના સમયમાં પુરાણી સ્વામી શાસ્ત્રીજી મહારાજની ઢાલ બનીને રહ્યા હતા અને અનેક મુશ્કેલીઓને પોતે ઝીલી હતી.

શ્રીહરિના ચરિત્રો વાંચવા, કહેવા, લખવા અને સાંભળવા એ એમનાં જીવનનું પરમ લક્ષ્ય હતું. મંદિરનિર્માણનાં, ઉત્સવ-સમૈયાનાં, કે અન્ય કેટલાય સત્સંગ નિમિત્તના કાર્યોમાં સ્વામી જોડાયા, છતાં મહારાજની મૂર્તિમાં-ચરિત્રોમાં રસબસ રહ્યા છે.

ભક્તચિંતામણિમાં કે અન્ય સત્શાસ્ત્રોમાં મહારાજના અંતર્ધાન પ્રસંગો નોંધાયેલ છે. ઘણી વખત આ પ્રસંગો વાંચતા વાંચતા પુરાણી સ્વામીની આંખો ભીની થઈ જતી.

પાંચ જણાની વચ્ચે કે પાંચ હજારની વચ્ચે ઈષ્ટદેવના ચરિત્રોનું ગાન કરતા હોય, ત્યારે એક સરખો જ ઉમંગ. એટલે આપણે કહીં શકીએ કે પુરાણી સ્વામીની રજૂઆત સંખ્યા આધારિત નહોતી, હૃદયની નિષ્ઠા આધારિત હતી. દેહની પરવા કર્યા વિના સત્સંગ ઉત્કર્ષની સેવા કરી છે. જ્ઞાનસત્ર, બ્રહ્મસત્ર કે અન્ય સભામાં સ્વામી નિયમ, નિશ્ચય અને પક્ષની વાર્તાઓ કરી હરિભક્તોને સત્સંગનું બળ પ્રેરતા.

શિરોધારા કાર્નિવલ : વર્લ્ડ રેકોર્ડ

SGVP કેમ્પસ એટલે સ્ટડી, સ્પોર્ટસ્ અને સ્પીરીચ્યુઆલીટીના સ્તંભ ઉપર ઉભેલું કેમ્પસ. મુખ્ય દ્વારની અંદર પ્રવેશતા જ દૈવીસૃષ્ટિમાં પહોંચ્યાનો અનુભવ થાય ! ભારતીય સંસ્કૃતિને પોષતા તમામ પાસાઓના દર્શન થાય અને હૃદય આહ્લાદકતા અનુભવે.

જ્યાં દરેક પ્રકારની ધાર્મિક તથા સામાજિક સેવાપ્રવૃત્તિઓ ચાલે છે, એવા કેમ્પસમાં ટૂંક સમયમાં જ ગુજરાતનું સૌપ્રથમ હોલિસ્ટીક હેલ્થ સેન્ટર કાર્યાન્વિત થશે. પૂજ્યપાદ જોગી સ્વામીની સ્મૃતિમાં તૈયાર થતા આ હેલ્થ સેન્ટરમાં તનની સાથે મન પણ સુખાકારી અનુભવે તેવા પ્રયત્નો થશે.

જોગી સ્વામી હેલ્થ સેન્ટર ઉદ્ઘાટનના પૂર્વ ભાગે યોગ અને આયુર્વેદનો દુનિયાભરમાં પ્રચાર-પ્રસાર થાય અને લોકો આંતરિક શાંતિ અનુભવે એવા ઉદ્દેશથી પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી તારીખ ૨૪ ડિસેમ્બરના રોજ શિરોધારા કાર્નિવલ યોજાયો અને એની નોંધ વર્લ્ડ રેકોર્ડ સંસ્થાએ લીધી, જે આયુર્વેદ ક્ષેત્રે વિશ્વનો પ્રથમ રેકોર્ડ હતો.

સાંજના ચાર વાગ્યાના સુમારે કેમ્પસનું વિશાળ ક્રિકેટ ગ્રાઉન્ડ શિરોધારા કાર્નિવલમાં ફેરવાઈ ગયું હતું. આ શિરોધારા કાર્નિવલમાં ૧૧૧૧ લાભાર્થીઓ જોડાયા હતા. જેમને ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ઝારખંડ અને ઉત્તરપ્રદેશના ૫૯૦ વૈદ્યશ્રીઓ તથા આયુર્વેદ કોલેજના ૫૬૦ વિદ્યાર્થીઓએ લાભાર્થીઓને શિરોધારા કરાવી હતી. પ્રત્યેક લાભાર્થીના જ્ઞાનચક્ર (કપાળ) ઉપર એક ઘડી એટલે કે ૪૮ મીનીટ સુધી તેલ, ઘી, ઔષધિઓના મિશ્રણ કરી તૈયાર કરવામાં આવેલ ૧૫ લીટર પ્રવાહી ઔષધ રેડવામાં આવ્યું હતું.

વિશાળ સ્કિન ઉપર ચાલતો સમયનો પ્રવાહ જ્યારે પચાસમી મીનીટે પહોંચ્યો ત્યારે ઈજિપ્ત-કેરોથી આવેલા ગિનિજ વર્લ્ડ રેકોર્ડઝના જજ મહેમદ ગબરે વર્લ્ડ રેકોર્ડ થયાની જાહેરાત કરી હતી અને પૂજ્ય સ્વામીજીને વિશ્વ વિક્રમનું પ્રમાણ પત્ર આપ્યું હતું. આ સમયે **SGVP** કેમ્પસ તાળીઓના ગડગડાટ અને આતશબાજીના અવાજથી ગૂંજી ઉઠ્યું હતું. આ જ સમયે આ કાર્નિવલની નોંધ લઈ ગિનિજ વર્લ્ડ રેકોર્ડઝની સાથે સાથે બે ઈન્ટરનેશનલ તથા આઠ નેશનલ રેકોર્ડની નોંધ કરતી સંસ્થાઓએ પણ સ્વામીજીને રેકોર્ડના પ્રમાણપત્રો અર્પણ કર્યા હતા.

આ શિરોધારા કાર્નિવલમાં જાપાન, સ્પેન, આફ્રિકા, લંડન, અમેરિકા વગેરે દેશના ૧૧૧૧ લાભાર્થીઓ, ૧૧૫૦ વૈદ્યશ્રીઓ, ૫૦ સંતો તથા ૧૦૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયા હતા. આ પ્રયોગમાં કુલ ૧૫,૦૦૦ લીટર ઔષધનો ઉપયોગ થયો હતો. ભાગ લેનાર તમામ વૈદ્યો તથા લાભાર્થીઓને સર્ટીફીકેટ અપાયા હતા. આ ઐતિહાસિક કાર્નિવલની નોંધ ભારતના લગભગ તમામ મિડીયાઓએ લીધી હતી.

આ કાર્નિવલમાં અમદાવાદના આયુર્વેદ ક્ષેત્રે કામ કરતું 'આઓ ઈન્ટરનેશનલ ટ્રસ્ટ'નો ખૂબ મોટો સહયોગ પ્રાપ્ત થયો હતો. પૂજ્ય સ્વામીજીએ પોતાના પ્રવચનમાં **SGVP** ની આ સફળતાનો તમામ યશ ભગવાન શ્રીહરિ અને સદ્ગુરુના ચરણોમાં અર્પણ કર્યો હતો અને લગભગ છેલ્લા છ મહિનાથી અથાક પરિશ્રમ કરનારા વૈદ્યશ્રીઓ, સંતો તથા સંવયંસેવકોને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે શિરોધારાનો લાભ લેનારા અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહે પણ પૂજ્ય સ્વામીજીને અભિનંદન પાઠવ્યા હતા.

ગુરુકુલ પરિવારનું સ્નેહમિલન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ **SGVP** ખાતે તારીખ ૨૫, ડીસેમ્બરના રોજ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં ગુરુકુલ પરિવારનું ભવ્ય સ્નેહમિલન યોજાયું. જેમાં દેશ-વિદેશમાં વસતા ગુરુકુલ પરિવારના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સવારે ૯ થી સાંજે ૬ કલાક દરમિયાન યોજાયેલ આ સ્નેહમિલનમાં ઉપસ્થિત ભક્તજનોને સંતોએ ભાલે ચાંદલા કરી, કાંડે નાડાછડી બાંધી અને મોંઢું મીઠું કરાવ્યું હતું. ત્યારબાદ ભગવાન શ્રીહરિ અને સદ્ગુરુઓનું પૂજન કરવામાં આવ્યુ હતું. ભગવાન શ્રીહરિ તથા સંતોના સાનિધ્યમાં આખા દિવસ દરમિયાન પૂજ્ય ભક્તિવેદાંત સ્વામી, પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામી, પૂજ્ય મુનિવત્સલદાસજી સ્વામી વગેરે યુવાન સંતો તથા સદ્ગુરુ

સંતોએ વિવિધ વિષયો ઉપર પ્રેરણાત્મક વાતો કરી હતી.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ ગુરુકુલ પરિવારના ભક્તજનોને પ્રેરણાત્મક વાતો કરતા જણાવ્યું હતું કે, 'આપણને ગુણાતીત પરંપરામાં પ્રાતઃ સ્મરણીય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય જોગી સ્વામી વગેરે સંતોનો ભવ્ય વારસો મળ્યો છે. આ વારસો સ્મરણ, સેવા, સમર્પણ, સ્નેહ, સદાચાર અને સત્સંગથી વધારે દીપી ઉઠે છે. આપણાં જીવનમાં હાલતા-ચાલતા ઈષ્ટદેવનું સ્મરણ થતું રહેવું જોઈએ. દુઃખી, રોગાતુર તથા સંતો-ભક્તોની તન-મન-ધનથી યથાયોગ્ય સેવા કરવી જોઈએ. આપણું તાન ભગવાન અને સદ્‌ગુરુના ચરણે સર્વસ્વનું સમર્પણ કરવાનું હોવું જોઈએ. ભગવાનના ભક્તો તથા પરિવારના સભ્યો સાથે સ્નેહથી રહેવુ જોઈએ. આપણું આચરણ સદાચારથી ભરેલું હોવું જોઈએ અને આ બધાનું મૂળ સાધુઓનો સત્સંગ રગરગમાં વ્યાપેલો હોવો જોઈએ. આ છ અંગોને જેટલા દૃઢ કરીશું એટલા જ આપણે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુદેવના સદ્‌વિદ્યા પ્રવર્તનનાં કાર્યને સહયોગ આપી શકીશું.'

આ પ્રસંગે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ભક્તજનોને ગુરુકુલના કાર્ય અને સંતોના દાખડા અંગેની પ્રેરણાદાયી વાતો કરી હતી. તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામીએ ઉપસ્થિત ભક્તજનોને મંગલ આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી મહાવિષ્ણુયાગ, અમદાવાદ ગુરુકુલ

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીની ઉપસ્થિતિ એટલે ભજન-ભક્તિ, યજ્ઞ-અનુષ્ઠાનની સરવાણી. સ્વામીનું સમગ્ર જીવન તપ અને અનુષ્ઠાનપ્રિય રહ્યું છે. અવાર-નવાર સ્વામી વિવિધ આયોજનો દ્વારા ભજન કરે અને ગુરુકુલ પરિવારના સંતો-ભક્તોને જોડે. દર વર્ષની જેમ સ્વામીએ આ વખતે અમદાવાદ ગુરુકુલ ખાતે તારીખ ૨૨ થી ૨૪ ડીસેમ્બર દરમિયાન ૨૧ કુંડી મહાવિષ્ણુયાગનું આયોજન કર્યું હતું. આ મહાવિષ્ણુયાગમાં મોટી સંખ્યામાં સંતો, વિદ્યાર્થીઓ તથા ભક્તજનોએ હોમનો લાભ લીધો હતો.

ગુરુકુલ ગૌરવ :- વક્તૃત્વ સ્પર્ધા

તારીખ ૧૦ થી ૧૨ ઓક્ટોબર દરમિયાન રાષ્ટ્રિય સંસ્કૃત સંસ્થાન ન્યુ દિલ્હી તથા સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા શ્રી નિંબાર્કપીઠ લીંબડી ખાતે રાજ્ય સ્તરીય સંસ્કૃત વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. પરમ પૂજ્ય લલિતકિશોરદાસજી તથા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ સ્પર્ધામાં પંદર જેટલી પાઠશાળાના ૨૨૫ થી વધુ વિદ્યાર્થીઓએ કુલ ૨૮ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધાને અંતે સમાપન સમારોહમાં પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય લલિતકિશોરદાસજી તથા મહાનુભાવોના હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારોએ ૮ ગોલ્ડ મેડલ, ૧૦ સિલ્વર મેડલ તથા ૩ બ્રોન્ઝ મેડલ, તેમજ રાષ્ટ્રિય કક્ષાએ ૧ સિલ્વર મેડલ તથા ૩ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું નામ રોશન કર્યું હતું.

ગોલ્ડ મેડલ :- ૧. ભટ્ટ મૌલિક(ન્યાય ભાષણ), ૨. શાસ્ત્રી ધર્મપ્રકાશદાસજી સ્વામી (મિમાંસા ભાષણ) ૩. ભટ્ટ તેજસ (વેદાન્ત ભાષણ), ૪ રાજ્યગુરુ જયદેવ (મીમાંસા શલાકા), ૫. દવે વિવેક (ધાતુ કંઠપાઠ), ૬. શાસ્ત્રી વિશ્વમંગલદાસજી સ્વામી (શાસ્ત્રાર્થ વિચાર), ૭. જોશી તારક (વેદભાષ્ય ભાષણ) ૮. રાવળ પ્રણવ (જૈન-બૌદ્ધ દર્શન)

સિલ્વર મેડલ :- ૧. પુરોહિત પુનીત (વ્યાકરણ ભાષણ), ૨.બારોટ વિકાંત (સાહિત્ય ભાષણ), ૩. રાવલ વેદ(ધર્મશાસ્ત્ર ભાષણ) ૪. શાસ્ત્રી પ્રિયદર્શનદાસજી સ્વામી (વેદાંત શલાકા), ૫. શાસ્ત્રી હરિનંદનદાસજી સ્વામી (પુરાણ શલાકા), ૬. તેરૈયા સાગર (ન્યાય શલાકા) ૭. જાની રાજા (સાહિત્ય શલાકા), ૮. ભાયલોત મયંક (વ્યાકરણ શલાકા), ૯. પંડ્યા પ્રતિક (કાવ્યપાઠ), ૧૦. શાસ્ત્રી નિરંજનદાસજી સ્વામી (શાસ્ત્રીયસ્ફૂર્તિ)

બ્રોન્ઝ મેડલ :- ૧. શુક્લ પ્રેમલ (સાંખ્ય ભાષણ), ૨.પંડ્યા હર્ષ (જ્યોતિષ સલાકા), ૩. જાની રવિ (અક્ષરશ્લોકી)

કુલ આઠ સ્પર્ધકોએ ગુજરાત કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. તેઓઅગરતલા (ત્રિપુરા) ખાતે યોજાયેલી સ્પર્ધામાં ભાગ લેવા ગયા હતા. જેમાંથી ચાર

વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.

૧. શાસ્ત્રી ધર્મપ્રકાશદાસજી સ્વામી ૨. જોષી તારક, ૩. રાવળ પ્રણવ, ૪. દવે વિવેક.

ધનુર્માસ

અમદાવાદ ગુરુકુલ :- ધનુર્માસ એટલે ભજન-ભક્તિ, દાન-તપ, કથાશ્રવણ જેવી સાધના કરવાનો પવિત્ર મહિનો. દક્ષિણાયન કહેતા મન, બુદ્ધિ, ચિત્તમાં રહેલા દોષોને દૂર કરી ઉત્તરાયણમાં પ્રવેશવાનો સમય એટલે જ ધનુર્માસ. આપણા શાસ્ત્રોમાં આ મહિનામાં કથા શ્રવણનો ઘણો મહિમા કહ્યો છે. ત્યારે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ધનુર્માસમાં દરરોજ સાંજે કથાશ્રવણનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પાર્ષદવર્ય શામજી ભગતે વચનામૃત ઉપર તથા વિદ્વાન કથાકાર શાસ્ત્રી શ્રી હેમાંગભાઈએ ભાગવતની મૂળ કથાનો લાભ આપ્યો હતો.

SGVP :- છારોડી ગુરુકુલમાં સહજાનંદમ્ ખાતે સંતો તથા ઋષિકુમારોની સભામાં અભ્યાસ કરનારા સંતો તથા ઋષિકુમારોએ વિવિધ વિષયો ઉપર કથાવાર્તાનો લાભ આપ્યો હતો તથા ધર્મજીવનમ્ હોસ્ટેલમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓની સભામાં સંતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય ચરિત્રોનું શ્રવણ કરાવ્યું હતું. આ ઉપરાંત ગુરુકુલમાં વસતા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય એવા શુભ હેતુથી ધનુર્માસ અંતર્ગત ફૂટપાથ ઉપર કડકડથી ઠંઠીમા ઠૂઠવાતા ગરીબોની પાસે જઈ વિદ્યાર્થીઓએ તેમને ધાબળા ઓઢાડ્યા હતા. ભગવાન રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજને ભવ્ય ફલકૂટોત્સવ ધરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ એ પ્રસાદીના ફળોનું અનાથાશ્રમ તથા હોસ્પિટલોમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મહાપૂજા, મંત્રલેખન, છાત્રાલયમાં સંતોની પધરામણી, શેરડી ઉત્સવ, બોર ઉત્સવ, કુટ ઉત્સવ જેવા ઉત્સવો, અનાથાશ્રમ તથા અંધ-અપંગ શાળામાં સહાય, ગૌશાળામાં ગાયોને ઘાસ વિતરણ જેવા વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા.

વાત્સલ્યમૂર્તિ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી
જન્મ શતાબ્દી મહોત્સવ, રાજકોટ

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રવર્તીત ગુણાતીત પરંપરાના પ્રવર્તક, પૂજ્યપાદ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના જમણા હાથ સમા, પૂજ્ય પુરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામીનું જન્મશતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે. આ રૂડા અવસરે ગુરુકુલ પરિવાર પૂરાણી સ્વામીની વંદના કરી ધન્યતા અનુભવી રહ્યો છે. પૂજ્ય પુરાણી સ્વામી અધ્યાત્મની અથાગ ઊંડાઈ અને સદાચરણની મેરુ સમી ઊંચાઈ ધરાવતા હતા. એમનામાં સાદગી, સહજતા, કરુણા, માતૃવાત્સલ્યતા વગેરે ગુણો અભરે ભરેલા હતા, હરપળે એમના જીવનમાંથી પ્રેમભક્તિ સભર સ્નેહની સોડમ સૌને અનુભવાતી.

આવા મહાન સંતને યાદ કરી પૂજ્ય પુરાણી સ્વામીની કર્મભૂમિ એવા રાજકોટમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર રાજકોટ દ્વારા તારીખ ૧૧ થી ૧૫ જાન્યુઆરી દરમિયાન ભવ્ય અને 'ન ભૂતો ન ભવિષ્યતિ' મહામહોત્સવ ઉજવાઈ ગયો. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રીશ્રી માધવપ્રિયદાસજી સ્વામીના અધ્યક્ષ સ્થાને તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના સંપૂર્ણ માર્ગદર્શન સાથે ખૂબ જ ટૂંકા સમયની પૂર્વ તૈયારીમાં સંતો-ભક્તોના અથાગ સમર્પણને કારણે ઉજવાયેલ આ મહોત્સવ સદાયને સૌને માટે સંસ્મરણીય બની રહેશે.

શોભાયાત્રા તથા મહોત્સવ ઉદ્‌ઘાટન :- તારીખ ૧૧ જાન્યુઆરી, મહોત્સવનો પ્રથમ દિવસ. મહોત્સવ પ્રારંભે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બગીઓ, શણગારેલા વિવિધ ફ્લોટ્સ, બાઈક સવાર યુવાનો, ઘોડાઓ, બેન્ડવાજા સાથે સંતો તથા મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા. ધામધૂમથી પ્રારંભાયેલ શોભાયાત્રા ઠાકોરજી, પૂજ્ય સ્વામીજી, પૂજ્ય પુરાણી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી તથા સંતો-ભક્તો સાથે મહોત્સવ સ્થળ 'શ્રી પ્રેમપ્રકાશધામ' પધારી. સભામંડપના વિશાળ દ્વારનું પૂજન થયું અને ગગનભેદી જયનાદો, ગીત-સંગીત-નૃત્યના તાલે દીપપ્રાગટ્ય દ્વારા મહોત્સવનું ઉદ્‌ઘાટન થયું.

શ્રીમદ્‌ભાગવત કથા :- મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામીજીએ પોતાની વિદ્વત્તાભરી શૈલી અને મધુર વાણી દ્વારા પાંચ દિવસ સુધી કથાના રહસ્યો

ઉદ્‌ઘાટિત કરી શ્રોતાઓને આનંદિત કર્યા હતા. કથા અંતર્ગત શ્રીરામ જન્મોત્સવ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન લીલા, રૂક્ષ્મણી વિવાહ જેવા ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા. સાથે સાથે પરમ પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ પણ ભગવાન શ્રી બાલકૃષ્ણની નટખટ લીલાઓનું પાન કરાવ્યું હતું અને નાના સંતોએ સત્સંગની શુભવાર્તાને આધારે વ્યાખ્યાન આપ્યા હતા.

સદ્‌ગુરુ ભાવવંદના :- વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય પુરાણી સ્વામી તથા સેવામૂર્તિ પરમ પૂજ્ય મુગટ સ્વામીના જન્મ શતાબ્દિ વર્ષને અનુલક્ષીને આયોજિત આ મહોત્સવના દ્વિતીય દિવસે બન્ને સંતોનું ભવ્ય પૂજન કરવામાં આવ્યું હતું. સદ્‌ગુરુ સંતો તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ બન્ને સંતોની અનહદ કૃપા અને ગુણોને યાદ કરી સજળનેત્રે અને ગદ્‌ગદ્‌ કંઠે પૂજન કર્યું ત્યારે વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ હતી. આ સાથે ભક્તરાજ ત્રિભુવનભાઈ વ્યાસ, ભક્તરાજ જબરદાનભાઈ ગઢવી તથા ભક્તરાજ નંદલાલભાઈ શેલતને પણ યાદ કરી ભાવાંજલી અર્પણ કરી હતી.

મહારાજશ્રીની પધરામણી :- વડતાલ પિઠાધિપતિ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ મહોત્સવમાં દર્શન આપવા પધાર્યા ત્યારે મહોત્સવના દિવ્ય વાતાવરણમાં સોનામાં સુગંધ ભળે એમ ભવ્યતાનો ઉમેરો થયો હતો. આ પ્રસંગે સંતો, યજમાનો તથા આગેવાન ભક્તજનોએ મહારાજશ્રીનું પૂજન કર્યું હતું. પૂજ્ય મહારાજશ્રીએ જણાવ્યું હતું કે, આજે શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજીની કથા સાંભળીને ખૂબ આનંદ થયો. અમને અનેક જગ્યાએ કથા સાંભળવાનો મોકો મળે છે, પણ શાસ્ત્રોના રહસ્યો સાથે કથા તો આજે અહીં સાંભળવા મળી. આ પ્રસંગે અમે શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ કે પૂજ્ય પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા મુગટ સ્વામી જેવા સદ્‌ગુણો આ સંતોમાં આવે અને સમાજમાં સંપ્રદાયનું ગૌરવ વધારે.

૨૧ કુંડી મહાવિષ્ણુયાગ :- પરમ પૂજ્ય પુરાણી સ્વામીના માર્ગદર્શન સાથે રાજકોટ ખાતે આવેલ 'શ્રી પ્રેમપ્રકાશ સંસ્કારધામ'ની ભૂમિ ઉપર ૨૧ કુંડી મહાવિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રિદિવસીય મહાવિષ્ણુયાગમાં યજમાનોએ ભગવાન શ્રીહરિને ભાવથી આહુતિઓ અર્પણ કરી ધન્યતા અનુભવી હતી.

SGVP શ્રી પ્રેમપ્રકાશ સંસ્કારધામનું ભૂમિપૂજન :- પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના સર્વજીવહિતાવહ સંદેશાઓનું સુપેરે પ્રવર્તન થતું રહે એવા શુભ હેતુથી રાજકોટ ખાતે ભવિષ્યમાં નિર્માણ પામનાર 'SGVP શ્રી પ્રેમપ્રકાશ સંસ્કારધામ'નું પૂજ્ય સ્વામીજી તથા સંતોના હસ્તે મકરસંક્રાંતિના પવિત્ર દિવસે ભૂમિપૂજન કરવામાં આવ્યું ત્યારે ઉપસ્થિત ભક્તજનોએ આ કાર્યને ખૂબ જ ઉત્સાહથી વધાવી લીધું હતું. આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, 'અહીં ટૂંક સમયમાં જ સંસ્કારધામનું નિર્માણકાર્ય પૂણ થશે અને ભગવાન શ્રીહરિની સ્થાપના કરવામાં આવશે.'

મહોત્સવ પૂર્વે રાજકોટની આસપાસના ગામોમાં સંતો દ્વારા સત્સંગ સભાઓ તથા સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યું હતું. જેમાં ગામોના આગેવાનો, ભક્તજનો, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહથી જોડાયા હતા અને સહયોગ પૂરો પાડ્યો હતો. ઉપરાંત ઉત્સવ દરમિયાન આયોજિત વિશાળ અન્નકૂટનો પ્રસાદ દરીદ્રનારાયણને અર્પણ કર્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ મકરસંક્રાંતિના પરમ પાવન દિવસે મહોત્સવમાં પધારી સંતોના આશીર્વાદ લીધા હતા. સાથે સાથે મહોત્સવના યજમાનશ્રીઓ તથા સ્વયંસ્વકોને સદ્‌ગુરુ સંતોએ પ્રસંગોપાત આશીર્વાદ આપી વધાવ્યા હતા. વડતાલ, જૂનાગઢ, રાજકોટ, ધોરાજી, હરિયાળા વગેરે ધામોમાંથી સંતોએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો. મહોત્સવના અંતિમ ચરણમાં સમગ્ર મહોત્સવનું સંચાલન કરનારા પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીનું સૌ સંતોએ પૂજન કર્યું ત્યારે વાતાવરણ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું હતું. સમગ્ર મહોત્સવમાં ગુરુકુલના સમર્પિત સેવકો શ્રી લક્ષ્મણભાઈ આદ્રોજા, પરશોત્તમભાઈ બોડા, જયંતીભાઈ કાચા, જગદીશભાઈ મકવાણા, ધીરુભાઈ કોરાટ વગેરે વડીલ ભક્તો તથા યુવાન કાર્યકર્તાઓએ રાત્રિ-દિવસ જોયા વિના ખૂબ જ સેવાઓ કરી હતી.

આ રીતે સંતોનું આગવું આયોજન અને ભક્તોના તન-મન-ધનના સમર્પણને કારણે દર્શનીય મહોત્સવ ઉજવાયો. જેની સ્મૃતિ દર્શન કરનારા તમામ સંતો-ભક્તોના સ્મૃતિપટલ ઉપર હમેશને માટે અંકાયેલી રહેશે.

આ મહામહોત્સવની સફળતાનો તમામ યશ ભગવાન શ્રીહરિ અને સદ્‌ગુરુ સંતોના ચરણોમાં અર્પણ કરી ગુરુકુલ પરિવાર ધન્યતા અનુભવે છે.

શ્રદ્ધા સુમન

અ.નિ. શ્રી ચતુરભાઇ પરષોત્તમભાઇ પટેલ :- ગામ મણીપુરા નિવાસી તથા ગુરુકુલના અનન્ય સેવક શ્રી ચતુરભાઈ પટેલ ૯૩ વર્ષની ઉંમરે હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર અને શ્રીહરિમાં હેતવાળા ચતુરભાઈના અક્ષરવાસથી સમસ્ત ગુરુકુલ પરિવાર ભારે દુઃખની લાગણી અનુભવે છે. ચતુરભાઇ અમદાવાદ ગુરુકુલના પ્રારંભથી જ ગુરુકુલ સાથે તન-મન-ધનથી જોડાયેલા હતા. એમની શ્રદ્ધાંજલી સભા નિમિત્તે સંતો મણીપુરા પધાર્યા હતા અને ધૂન-ભજન કર્યા હતા. ભગવાન શ્રીહરિ ચતુરભાઇના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા લવજીભાઇ, રામજીભાઇ, નીતીનભાઇ, કલ્પેશભાઇ, ખીમેશભાઇ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી સંચીબેન મહાદેવભાઇ પટેલ :- ગામ ધરમપુર નિવાસી શ્રી સંચીબેન પટેલ ૭૫ વર્ષની ઉંમરે ૨૨ ડિસેમ્બરના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. સંચીબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા અમૃતભાઇ, ચંદુભાઇ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી રમેશભાઈ નારણભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી અરવિંદભાઈ રાજેન્દ્રભાઈ પટેલ, અમદાવાદ
શ્રી કીંજલ ધર્મેશભાઈ હીરાણી, બળદીયા
પ.ભ શ્રી મૂળજીભાઈ નાથાલાલ, સામત્રા
પ.ભ. શ્રી રમેશચંદ્રભાઈ વોરા, અમદાવાદ
પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ ડી. મહેતલીયા, મુંબઈ
પ.ભ. શ્રી મધુસુદનભાઈ દવે, અમદાવાદ
પ.ભ. શ્રી ઉત્સવ મુકેશભાઈ સાવલીયા, સુરત
પ.ભ. શ્રી ચેતનભાઈ બી. ગોયાણી, અમદાવાદ
પ.ભ. શ્રી બટુકભાઈ કળથીયા, અમદાવાદ
શ્રી વિજ્યાબેન ગોપાલભાઈ ચોટલીયા, રાજકોટ
પ.ભ. શ્રી શક્તિજીત જીતેન્દ્રભાઈ દવે, અમદાવાદ

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. શ્રી રાજેશભાઈ ઉમાકાંતભાઈ પુરોહિત, અમદાવાદ

દ્રોણેશ્વર ગુરુકુલ

અ.નિ. શ્રી વિરાભાઈ લાખાભાઈ આણદાણી તથા
અ.નિ. શ્રી પોપટભાઈ લાખાભાઈ આણદાણીની પવિત્ર
સ્મૃતિમાં હસ્તે સર્વે પરિવારજનો

નૂતન પ્રકાશન

પૂજ્ય પુરાણી સ્વામી જીવન તથા બોધકથાઓ

વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામીનું જીવન દર્શન, સ્વામીને થયેલી દિવ્ય અનુભૂતિઓનું પોતાની ડાયરીમાં કરેલું વર્ણન તથા સ્વામીએ કહેલી ઉપદેશાત્મક બોધકથાઓનું સુંદર સંકલન પુસ્તક સ્વરૂપે ઉપલબ્ધ.

મુખડાની માયાલાગી... (એમ.પી.૩)

પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી સ્વામીની પવિત્ર સ્મૃતિમાં ગુરુકુલના વિદ્યાર્થી ઋષિક ગોંડલીયાના મધુર કંઠે ગવાયેલ, પ્રેમાનંદ મ્યુઝીક એકેડીમી તથા શ્રી નારાયણચરણદાસજી સ્વામી દ્વારા કંપોજીત નંદ સંતોના કીર્તનોની એમ.પી.૩ પ્રકાશિત કવામાં આવી છે.

આગામી આયોજન

તા. ૧/૨/૧૭, બુધવાર : **શ્રી રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ તથા શાકોત્સવ :**
સવારે ૬:૪૫ કલાકે અભિષેક દર્શન, ૯:૩૦ કલાકે અન્નકૂટ દર્શન તથા શાકોત્સવ સભા. છારોડી ગુરુકુલ.
તા. ૫/૨/૧૭, રવિવાર : **સુહદસભા :** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૫/૨/૧૭, રવિવાર : **શ્રીહરિ જયંતી:** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૬:૩૦ કલાકે, મેમનગર
તા. ૭/૨/૧૭, મંગળવાર : **જયા એકાદશી:** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.
તા. ૧૨/૨/૧૭, રવિવાર : **પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૨૯મી પુન્યતિથિ :** ગુણાનુવાદ સભા, રાત્રે ૭:૦૦ કલાકે, મેમનગર ગુરુકુલ. (પૂજ્ય ગુરુદેવની સ્મૃતિમાં ભક્તોએ વિશેષ ભજન-ભક્તિ કરવા)
તા. ૨૨/૨/૧૭, બુધવાર : **વિજયા એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૨૪/૨/૧૭, શુક્રવાર : **મહાશિવરાત્રિ:** શિવપૂજન - કીર્તનભક્તિ, સાંજે ૭:૦૦ કલાકે મેમનગર ગુરુકુલ

વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી

જન્મ શતાબ્દી મહોત્સવ

તારીખ ૧૧ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૧૭

પોષ સુદ ૧૪ થી પોષ વદ ૩

રાજકોટ

પોથીયાત્રા

દ્વાર ઉદ્‌ઘાટન

દીપપ્રાગટ્ય

ઉદ્‌ઘાટન નૃત્ય

શ્રી પ્રેમપ્રકાશ સંસ્કારધામ ભૂમિપૂજન

સદ્‌ગુરુ ભાવવંદના

પૂજ્ય આચાર્ય મહારાજશ્રી


પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી



શ્રી વિજયભાઇ રૂપાણી


પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી

કૃષ્ણજન્મોત્સવ

અન્નકૂટોત્સવ

પૂજ્ય બાલકૃષ્ણસ્વામીનું અભિવાદન

૨૧ કુંડી મહાવિષ્ણુયાગ પૂર્ણાહુતિ

સમર્પિત સેવકોને આશીર્વાદ

ખોડલધામના ટ્રસ્ટિ નરેશભાઇ પટેલને આશીર્વાદ

વ્યાખ્યાનમાળા

પૂજ્ય પુરાણી સ્વામી

પૂજ્ય વિશ્વવિહારી સ્વામી

પૂજ્ય ધર્મવત્સલ સ્વામી

પૂજ્ય મુનિવત્સલ સ્વામી

યજમાનોને આશીર્વાદ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

૧.૨. પૂજ્ય પુરાણી સ્વામી જન્મ શતાબ્દી મહોત્સવમાં પધારેલા પૂજ્ય આચાર્ય મહારાજશ્રી.
૩. પૂજ્ય પુરાણી સ્વામી તથા પૂજ્ય મુગટ સ્વામીનું પૂજન કરતા સંતો. ૪ મહોત્સવમાં પધારેલા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી. ૫. મહોત્સવમાં ઉપસ્થિત ગુરુકુલ પરિવારના ભક્તજનો, રાજકોટ